ક્રમાંક: ૦૪૩૨૨
મજૂર અદાલત,
૫-બી, બહુમાળી મકાન,
લાલ દરવાજા, અમદાવાદ.
તારીખ: ૨૬-૭-૧૯૯૪

પ્રતિ,
(૧) તારાબેન મોશારીલાલ તથા અન્ય અરજદારો
C/o સ્વાશ્રય મહીલા સેવા સંઘ, સેવા રીસેપ્શન સેન્ટર,
વિક્ટોરીયા ગાર્ડન સામે, ભદ્ર, અ'વાદ.

(૨) જીવરાજ બીડી વર્કસ, કનુભાઈ જીવાભાઈ પટેલ, ગોમતીપુર, અ'વાદ

(૩) અબ્દુલ કસાઈ (હુસેનમીયાં નુરમીયાં)
સોખંડની ચાલી, જુના બાજુનગર, ૨૩૩ નાં બસ સ્ટેન્ડ પાસે,
અ'વાદ.

વિષય :- અરજી, ટી.અરજી, ક્રિમિનલ, રીકવરી, કમ્પલેઇન
મીસ, સે. રીકવરી, ડીસ્ટ્રી. નંબર: ૨૧૨૭/૧૨૭૩/૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, નામદાર કોર્ટે તારીખ: ૭-૭-૯૪ ના રોજ ઉપરોક્ત કેસમાં હુકમ પસાર કરેલ છે, જેની નકલ આપની જાણ સારું આ સાથે ચામેલ છે, જેની નોંધ લેશો.

આપનો વિશ્વાસુ,

અધિક્ષક,
મજુર અદાલત, અમદાવાદ.

બિડાણ:- ઉપર મુજબ

એમ.

અમદાવાદની આઠમી મજુર અદાલતના પ્રિસાઇડીંગ ઓફીસર

શ્રી એમ.પી.ચાવડા સમક્ષ.

રીકવરી અરજી નં. ૨૧૧૭/૮૩ થી ૨૧૪૩/૮૩

તારાબેન શશરીલાલ તથા અન્ય કામદારો
c/o સ્વાશ્રય મહીલા સેવા સંઘ,
સેવા રીસેપ્શન સેન્ટર વિકટોરીયા ગાર્ડન સામે
ભદ્ર, અમદાવાદ. .. અરજદાર

વિરુધ્ધ

૧. જીવરાજ બીડી વર્કસ
કનુભાઇ જીવાભાઇ પટેલ
ગોમતીપુર, અમદાવાદ.

૨. અબ્દુલ કલાક (હુસેનમીંયા નુરમીંયા)
લોખંડની ચાલી, જુના બાપુનગર,
૧૪૩ના બસ સ્ટેન્ડ પાસે, અમદાવાદ. .. સામાવાળા

વિષય:- ધી આઇ.ડી. એકટની કલમ-૩૩ સી (૨) મુજબની રીકવરી અરજી.

વકીલો :- અરજદારો તરફે: શ્રી એન.કે. જીયાણી
સામાવાળા નં.૧ તરફે: શ્રી દુષ્યંત શાહ
સામાવાળા નં.૨ તરફે: ગેર હાજર

-: હુ ક મ :-

૧. સદરહુ કામના અરજદારોએ ધી આઇ.ડી. એકટ ૧૯૪૭ ( કે જેને હવે પછી કાયદો કહેવાશે)નો કલમ-૩૦ સી (૨) અન્વયેની રીકવરી અરજી સામાવાળાઓ સામે દાખલ કરી તેમના કાયદેસરના હકકોના કુલ રુા. ૧,૪૦,૦૭૩-૪૦ ( અંકે રુપીયા એક લાખ ચાલીસ હજાર તોત્તેર અને ચાલીસ પૈસા પુરા) ની માગણી કરતી અરજી કરેલ છે.

૨. સદરહુ કામમા અરજદારો તરફે સ્વાશ્રય મહીલા સેવા સંઘે ઉપરોકત દર્શાવ્યા મુજબના કેસો નંબરોથી વ્યકિતગત કામદારોના કેસો દાખલ કરેલ છે અને અરજદારોના વકીલ પણ એકજ છે, જયારે સામાવાળા તરફે સામાવાળા નં.૧ ના વકીલ પણ એકજ હતા, જયારે સામાવાળા નં.રને અદાલતની વારવાર નોટીસો બજાવ્યા છતા સામાવાળા નં.૨ તરફે કોઇ હાજર રહેલ નથી અને તેથી સદરહુ કામમા અરજદારો તરફે આક-રકની અરજી આપીને તમામ રીકવરી નં. ૨૧૧૭/૮૩ના કામમા કોન્સોલીડેટ કરવા વિનંતી કરેલ છે અને સદરહુ કેસોની હકીકતો જોતા તે મુજબ ઉપરોકત તમામ કેસો અરજી નં. ૨૧૧૭/૮૩ના કામમા એકત્રીત કરવામા આવેલ છે.

LABOUR COURT AHMEDABAD

કામ કરી રહયા છે અને અરજદારો દરરોજ ૧૦૦૦ બીડીઓ વાળે છે. સામાવાળા નં.૧ સામાવાળા નં.૨ મારફત જીવરાજ બીડીના નામથી પઠાણની ચાલી, અાર્ય મંદીર પાસે અમદાવાદ ખાતે બીડી બનાવી વેચવાનો વ્યવસાય કરે છે અને તે તમામ ધંધા વેપારમા સામાવાળા નં.૧ મુખ્ય માલીક છે જયારે સામાવાળા નં.૧ના આદેશ, નિરીક્ષણ અને અંકુશ હેઠળ સામાવાળા નં.૨ મારફત અરજદારો કામ કરે છે. નામદાર ગુજરાત xxxx સરકારશ્રીએ બીડીના વ્યવસાયમા રોકાયેલા કામદારોના જીવન નિર્વાહ જેટલુ ઓછામા ઓછુ વેતન મળી રહે તેવા શુભ આશયથી તા. ૨૪-૪-૭૩ના રોજ પરિપત્ર બહાર પાડેલ છે અને ત્યારબાદ જે તે વખતે કામદારોના લઘુતમ વેતનનો દર સુધારો આપવા અને નવો દર લાગુ પાડવા અંગે પરીપત્ર બહાર પાડેલ છે અને તે મુજબ દરેક કામદારને દર ૨૦ દિવસની હાજરીએ એક દિવસનો પગાર સાથેની હકક રજા મેળવવા હકકદાર બને છે, પરંતુ સામાવાળાએ આજ દીન સુધી અરજદારોના ઉપર જણાવ્યા પ્રમાણેના હકકરજાના નાણા ચુકવેલ નથી. વળી અરજદારો તરફે તેમના મંડળ વ્દારા અવાર નવાર આ અંગે માગણી કરી કરાવી છતા તે ચુકવેલ નથી, જેથી અરજદારોએ આ અરજીના શીડયુલ- એ મા જણાવ્યા મુજબની હકક રજાના નહીં ચુકવેલ પગાર જે તે સમય માટે મેળવવા હકકદાર થતા હતા. વળી સામાવાળાને બોનસ એકટ મેટરનીટી બેનીફીટ એકટ તેમજ અન્ય મજુર કાયદા લાગુ પડે છે, બોનસ એકટની જોગવાઇઓ મુજબ ૮.૩૩ ટકા બોનસ ચુકવવાની જવાબદારી હોવા છતા સામાવાળાએ ૮.૩૩ ટકા બોનસ ચુકવેલ નથી અને તે પણ અરજી સાથેના શીડયુલ એ મા દર્શાવ્યા મુજબ કામદારો મેળવવાને હકકદાર થાય છે. વળી અરજદારોને શીડયુલ એ મા દર્શાવ્યા મુજબ લઘુતમ વેતન મુજબ સામાવાળાએ પગાર આપેલ નથી અને તેથી શીડયુલમા દર્શાવ્યા મુજબ લઘુતમ વેતન મુજબ જે પગાર તફાવતની રકમ થાય છે તે મુજબ નાણા મેળવવા પણ અરજદારો હકકદાર થાય છે તેમ છતા સામાવાળાએ ચુકવી આપેલ ન હોય સદરહુ અરજી દાખલ કરી દાદ માગવામા આવેલ છે.

૪. સામાવાળાઓને નામદાર કોર્ટની નોટીસ બજતા સામાવાળા નં.૧ તરફે તેમના વકીલશ્રી હાજર થયેલ છે, જયારે સામાવાળા નં.૨ ને નોટીસ બજેલ હોવા છતા તેઓ તરફે કોઇ હાજર રહેલ નથી. સામાવાળા નં.૧ નાએ અંક- ૫ થી અરજદારોની અરજીનો લેખીત જવાબ રજુ કરેલ છે અને તેમા તેઓએ અરજદારોની અરજીઓમા જણાવેલ હકીકતોને નકારી કાઢેલ છે અને જણાવે છે કે, આ કામના અરજદારોને સામાવાળા નં.૧નાએ કોઇપણ દિવસે નોકરીએ રાખેલ નથી અને તેથી અરજદારો તથા સામાવાળા નં.૧ સાથે કામદારો તથા માલીકના સંબંધો ન હોઇ સામાવાળા નં.૧ પાસેથી અરજદારો અરજીમા જણાવ્યા મુજબની માગણી મેળવવા હકકદાર થતા નથી. વધુમા સામાવાળા નં.૧ જણાવે છે કે, સામાવાળા નં.૧ની કોઇપણ સંસ્થા પઠાણની ચાલી કે અરજદારે અરજીમા જણાવ્યા

LABOUR COURT

સામાવાળા નં.૧ ઉપર જણાવ્યા મુજબના સામાવાળા નં.૨ પાસેથી બીડીઓ વેચાણ લેતા હતા. વળી સામાવાળા નં. ૨ ની સંસ્થા કે તેઓએ કામે રોકેલ કામદારો ઉપર સામાવાળા નં.૧ ની કોઇપણ જાતની દેખરેખ અંકુશ અને નિરીક્ષણ ન હતું અને તેથી અરજદારોની અરજી ટકી શકોત નથી અને રદ થવાને પાત્ર છે.

૫. સદરહુ કામમા અરજદારની જુબાની થયેલ છે તથા તેની ઉલટ તપાસ સામાવાળા નં.૧નાએ કરેલ છે જયારે સામાવાળા નં.૨ તરફે કોઇ હાજર રહેલ નથી તથા કોઇ ઉલટ તપાસ કરેલ નથી અને સામાવાળા નં.૧ને અરજદારે ડીલીટ કરતા સામાવાળા નં ૨નાએ ઉલટ તપાસ કરેલ ન હોવાથી સામાવાળા નં.૨ માટે જુબાની અનચેલેન્જ રહેલ છે.

૬. સદરહુ કામમા અરજદારો તરફે રજુ થયેલ પુરાવાઓ તથા દસ્તાવેજો જોતા તેઓને સામાવાળા નં.૧ સંસ્થા સદરહુ કામમા જરુરી પક્ષકાર ન હોય તેમ જણાય આવતા અરજદારો તરફે આક-૨૭ ની પુરસીસથી તેઓએ જણાવેલ છે કે, આ કામમા જીવરાજ બીડી વર્કસ ગોમતીપુર અમદાવાદને પક્ષકાર તરીકે સામેલ કરેલ છે જેઓના જવાબ તથા રજુ કરેલ રેકર્ડ વગેરે જોતા તેઓને આ કામમા પક્ષકાર તરીકે ચાલુ રાખવાનુ અમોને જરુરી જણાતુ ન હોઇ અને ન્યાયી કાર્યવાહી આથી સામાવાળા નં.૨ અબ્દુલ કલાક વિરુધ્ધ ચલાવવી ન્યાય નિર્ણય અર્થે જરુરી હોયઆથી આ કામના સામાવાળા નં.૧ ને ડીલીટ કરવાની અરજ કરેલ છે અને તેથી અદાલતે સામાવાળા નં.૧ને સદર કામમાથી ડીલીટ કરેલ છે.

૭. સદરહુ કામમા જુદા જુદા અરજદાર કામદારોની જુબાનીઓ થયેલ છે, પરંતુ સામાવાળા નં.૨ તરફે કોઇ ઉલટ તપાસ કરવામા આવેલ નથી અને રજુ થયેલ અરજદારોની અરજીઓ તથા તેમની જુબાનીઓ જોતા તથા સામાવાળા નં.૨ તરફે અરજદારોની કોઇ ઉલટ તપાસ કરેલ ન હોઇ અરજદારની અરજી તથા જુબાનીઓ જોતા તે ન માનવા અંગેનુ કારણ રહેતુ નથી અને તેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## -: હુ ક મ :-

અરજદારોની અરજીઓ મંજુર કરવામા આવે છે અને અરજદારોનો હકક રજા, તથા પગાર તફાવત તથા લઘુતમ બોનસની માગણીઓ મંજુર કરવામા આવે છે અને તે સામાવાળા નંબર- ૨નાએ સદરહુ હુકમની બજવણી થયેથી દિન-૩૦ મા ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે. સદરહુ કામમા નીચે મુજબના દરેક કામદારની લેણી રકમ નીચે મુજબ જણાવેલ છે તે રકમ સામાવાળા નં.૨નાએ અરજદારોને ચુકવી આપવી.

| | કેસ નં. | અરજદારનુ નામ | લેણી થતો રકમ. (રુપીયામા) |
|---|---|---|---|
| ૧ | ૨૧૧૭/૮૩ | તારાબેન મણીલાલ કોષ્ટી | ૬૫૮-૧૫ |